ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પરિપત્ર ક્રમાંક:- એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧-ગ

સચિવાલય ગાંધીનગર

તા.૧૫/03/૨૦૨૦.

પરિપત્ર:-

કોરોના વાયરસ COVID-19 ની ભવિષ્યની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એક્ટ-૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંક એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ તા.૧૩/03/૨૦૨૦ ના નોટીફિકેશનથી રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" લાગુ કરવામાં આવેલ છે.

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના કારણે ઉભી થયેલ પરિસ્થિતિ ધ્યાને લઈ, દેશમાં તથા રાજ્યમાં જોવા મળેલ શંકાસ્પદ દર્દીઓની સંખ્યા જોતાં રાજ્યમાં અગમચેતીના પગલા રૂપે રાજ્ય સરકાર દ્વારા એપેડેમિક એક્ટ ૧૮૯૭ તેમજ તા.૧૩/03/૨૦૨૦ના નોટીફીકેશન અન્વયે નીચે મુજબ પગલા તાત્કાલિક અસરથી અમલમાં મુકવામાં આવે છે.

૧. રાજ્યમાં આવેલ તમામ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે શાળા, કોલેજ, આઇ.ટી.આઇ, પોલીટેકનિક, ટ્યુશન/કોચિંગ કલાસીસ, આંગણવાડીનું તા.૧૬/03/૨૦૨૦ સોમવારથી તા.૨૯/03/૨૦૨૦ રવિવાર સુધી શૈક્ષણિક કાર્ય મોકુફ રહેશે, પરંતુ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક તથા અન્ય સ્ટાફે હાજરી આપી શૈક્ષણિક સિવાયની અન્ય કામગીરી ચાલુ રાખવાની રહેશે, જ્યારે ધોરણ, ૧૦ તથા ૧૨ અને યુનિવર્સિટી કક્ષાએ જે પરીક્ષાના કાર્યક્રમો ચાલુ છે, તે પુર્ણ કરવાના રહેશે. આ અંગે શિક્ષણ વિભાગ તથા સંબધિત વિભાગ દ્વારા વિગતવાર સુચનાઓ બહાર પાડવામાં આવશે,

૨. રાજયના તમામ થિયેટરો, નાટ્યગૃહ, સ્નાનાગાર, તાત્કાલિક અસરથી સંપુર્ણપણે તા.૨૯/03/૨૦૨૦ સુધી બંધ રાખવાના રહેશે.

3. કોરોનો વાયરસનો ચેપ સામાન્ય રીતે ડ્રોપલેટ ઇન્ફેકશન એટલે કે સંક્રમિત વ્યકિતના કે વસ્તુના સંપર્કમાં આવવાથી લાગતો હોય છે, તેમજ સંક્રમિત વ્યકિતના થુંકવાના કારણે આ રોગનો ફેલાવો થવાની શક્યતા રહેલી છે, જે ધ્યાને લેતાં રાજ્ય સરકાર જાહેરમાં થુંકવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. સરકારના આરોગ્ય વિભાગના તા.૧૩/03/૨૦૨૦ના નોટીફીકેશનના પેરા-૧૩(૧) અન્વયે જાહેર સ્થળોએ થુંકનારને રૂપિયા ૫૦૦/- દંડ કરવામાં આવશે. આ દંડની રકમની વસુલાત કોર્પોરેશન વિસ્તારમાં સબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા વિસ્તારમાં સબંધિત નગરપાલિકા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ પંચાયતના સબંધિત અધિકારી/કર્મચારીઓ દ્વારા કરવાની રહેશે.

ઉપરોક્ત સુચનાઓનું તાત્કાલિક અસરથી ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે,

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

15/3

(ડૉ. જયંતી રવિ)

અગ્ર સચિવ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

ગુજરાત સરકાર